## સંક્ષિપ્ત સમાચાર

### રંગ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ગુરુપૂર્ણિમા કાર્યક્રમ



ભરૂચ: રંગ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'પંચતત્ત્વ' થિમ પર ગુરુપૂર્ણિમાની ભાવસભર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે નિવૃત્ત વરિષ્ઠ શિક્ષણવિદોને વિશેષ અતિથિ તરીકે આમંત્રી પંચતત્ત્વ પૂજન, તિલક, ફૂલહાર અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરાયા હતા. નિવૃત્ત શિક્ષકોએ પોતાના અનુભવો વહેંચતા જણાવ્યું કે, શિક્ષણ એ પુસ્તકીય જ્ઞાન ઉપરાંત જીવનમાં સાચા મૂલ્યોનું સિંચન છે. શાળાના પ્રમુખ અને આચાર્યએ ગુરુપૂર્ણિમાને માર્ગદર્શકો પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાનો પવિત્ર અવસર ગણાવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ગુરુમહિમા વર્ણવતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. અંતમાં નિવૃત્ત શિક્ષણવિદોના હસ્તે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરીને કાર્યક્રમ સંપન્ન થયો હતો.

### ભડકોદ્રામાં બિહારના યુવાનનો આપઘાત

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદ્રા ગામમાં ભાથીજી મંદિર નજીક રહેતા અને મૂળ બિહારના વતની અશોક શર્માએ અગમ્ય કારણોસર વૃક્ષ સાથે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો છે.

### પલસાણામાં યુવાનનું અગમ્ય કારણસર મોત

પલસાણા: પલસાણાના પરવેઝ પાર્ક વિસ્તારમાં શિવમ કિરાણા સ્ટોર સામે તા.૨૯ જુલાઈના રોજ ૨૪ વર્ષીય મૂળ રાજસ્થાનના ગોપાલરામ લાલચંદ વર્માનું અગમ્ય કારણસર મોત નીપજ્યું હતું.

### કરજણમાં દીપડાએ ગાયનો શિકાર કર્યો

કામરેજ: કામરેજના કરજણ ગામે લીમડી કોલોનીમાં મોડી રાત્રે આશરે ૨ વાગ્યે દીપડાએ અરવિંદભાઈ વસાવાની ગાયનો શિકાર કરતાં ગામ લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. ખાડી કિનારે આવેલા ગામોમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની ચહલપહલ વધી છે. થોડા દિવસો અગાઉ પણ વાવ-જોખા રોડ અને કરજણના પ્રફુલ પાઠકના ખેતરમાં દીપડાએ ગીર ગાયનો શિકાર કર્યો હતો. વારંવાર દીપડો દેખાતાં ગ્રામજનોએ વન વિભાગ પાસે તાત્કાલિક પાંજરું મૂકી તેને પકડવાની માંગ કરી છે.

### સાગબારામાં ગેરકાયદે બાયોડીઝલ પંપ ઝડપાયો

સાગબારા, ભરૂચ: નર્મદા SOGની ટીમે ચોક્કસ બાતમીના આધારે સાગબારાના નાના કાકડીઆંબા ગામની સીમમાં આવેલ 'દસ્તક બાયો ડ્રોપ ઈન ફ્યુઅલ મહાબલી એન્ટરપ્રાઇઝ' પર દરોડો પાડ્યો હતો. કોઈપણ સરકારી મંજૂરી કે સુરક્ષાનાં સાધનો વગર કન્ઝ્યુમર પંપની આડમાં ચાલતા આ ગેરકાયદે બાયોડીઝલ પંપ પરથી પોલીસે મોટી કાર્યવાહી કરી છે. તપાસ દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂ. ૨.૨૫ લાખની કિંમતનો ૨,૫૦૦ લિટર શંકાસ્પદ બાયોડીઝલનો જથ્થો જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે સ્થળ પરથી હાર્દિક રતિ હિરપરા (રહે., નાના કાકડીઆંબા, સાગબારા, મૂળ-જૂનાગઢ)ની ધરપકડ કરી છે. જ્યારે આ ગેરકાયદે નેટવર્કનો મુખ્ય સૂત્રધાર હર્ષ કિશોર છોડવાડિયા (રહે.,બી-1, 502, સૃષ્ટિ રેસિડેન્સી, સાયણ રોડ, સુરત) ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરી આગળની શોધખોળ હાથ ધરી છે.

### ભારે વરસાદની આગાહીથી માંડવી-અરેઠના લોકોને સતર્ક રહેવા અપીલ

માંડવી: હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી સંભવિત ભારે વરસાદની આગાહીને પગલે સ્થાનિક વહીવટી તંત્ર પૂરતી સજ્જતા સાથે એલર્ટ મોડ પર આવી ગયું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માંડવીના પ્રાંત અધિકારી કૌશિક જાદવે માંડવી, અરેઠ, માંગરોળ અને ઉમરપાડા વિસ્તારના તમામ નાગરિકોને સંપૂર્ણ સાવચેત અને સતર્ક રહેવા અપીલ કરી છે. પ્રાંત અધિકારી કૌશિક જાદવે નાગરિકોને અનુરોધ કરતા જણાવ્યું હતું કે, ભારે વરસાદની સ્થિતિમાં લોકોએ બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું તેમજ નદી, નાળાં, કાલવાઓ અને નીચાણવાળા વિસ્તારોથી દૂર રહેવું.

### ઉકાઈમાં આંગણવાડી હેલ્પર સાથે ઠગાઈ

વ્યારા: ઉકાઈ સ્થિત વર્કશોપ ઝૂંપડપટ્ટીમાં રહેતી ૩૨ વર્ષીય આંગણવાડી હેલ્પર મહિલા સાથે ઓનલાઈન સિસ્ટમ થકી છેતરપિંડી થઈ છે. વિનોદભાઈ સુરેશભાઈ પવારને ગૂગલ પે મારફતે 500 રૂપિયા ટ્રાન્સફર કર્યા બાદ મોબાઈલ હેન્ગ થયો હતો અને મહિલાના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૪,૦૦૦ અજાણ્યા જયપાલસિંહ ઝાલાના 8128297897@azl આઈડીમાં જમા થઈ ગયા હતા. સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કર્યાના સાત-આઠ મહિના બાદ ઉકાઈ પોલીસે ૨૯ જુલાઈના રોજ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પલસાણામાં બે મોટરસાઇકલની ચોરી

પલસાણા: પલસાણા પોલીસ મથક વિસ્તારમાં વાહનચોરો સક્રિય થતાં ચિંતાજનક વધારો નોંધાયો છે. રાત્રિના અંધારાનો લાભ ઉઠાવી તસ્કરો અલગ-અલગ સ્થળેથી કુલ રૂ.૪૮,૦૦૦ની મત્તાની બે બાઈકોની ચોરી કરી ગયા હતા. પ્રથમ ઘટનામાં સાંકી ગામના કોળી પટેલ ફળિયામાંથી સતીષભાઈ પટેલની રૂ.૨૦,૦૦૦ની હોન્ડા સીબી યુનિકોર્ન બાઈક નં.(GJ-19-AP-2672) ચોરાઈ હતી. જ્યારે બીજી ઘટનામાં પલસાણાની સાબર હોટલ નજીક પાર્ક કરેલી પવનકુમારની રૂ.૨૮,૦૦૦ની ટી.વી.એસ સ્પોર્ટ બાઈક નં.(GJ-21-DB-8928) તસ્કરો હંકારી ગયા હતા. આ અંગે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### કુકરમુંડામાં મનરેગાના શ્રમિકોને મજૂરીનાં નાણાં નહીં મળતાં TDOને રજૂઆત

કુકરમુંડા: કુકરમુંડા તાલુકામાં મનરેગા યોજના હેઠળ ચેકડેમ અને નાળા સફાઈ જેવાં કાર્યો કરનારા ગરીબ મજૂરોને ત્રણ મહિનાથી વધુ સમયથી વેતન મળ્યું નથી. અનેક ગામોના સરપંચોએ તાલુકા વિકાસ અધિકારીને તાત્કાલિક ચૂકવણા માટે લેખિત રજૂઆત કરી છે. મનરેગા શાખાના જણાવ્યા મુજબ ગ્રાન્ટ ન ફાળવાતાં આખા તાલુકામાં ચૂકવણું અટક્યું છે.

### કઠોદરા ગામે જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કિટનું વિતરણ



કીમ: કઠોદરા ગામમાં તાજેતરમાં કીમ નદીમાં આવેલા પૂરને કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા હતા. પૂર અસરગ્રસ્ત અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત આપવાના હેતુથી સવારે સેવાકીય કાર્ય યોજાયું હતું, જેમાં ભરતભાઈ મેઘાભાઈ ચૌસલા (ભરવાડ) દ્વારા ૬૦થી વધુ અનાજની કિટનું વિતરણ કરાયું હતું. મુશ્કેલ સમયમાં મળેલી આ મદદથી લાભાર્થીઓમાં ખુશી વ્યાપી ગઈ હતી અને ગામલોકોએ આ પ્રેરણાદાયી માનવતાભર્યા કાર્ય બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### કડોદરામાં બ્રિજ નીચેથી યુવાનનો મૃતદેહ મળ્યો

પલસાણા: મૂળ ઉત્તરપ્રદેશના દેવરિયા જિલ્લાના અને હાલ કડોદરા બ્રિજ નીચે ખુલ્લામાં રહેતા ચંદન હરિશંકર ગોડ (ઉ.વ.૩૬) ગત તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યાના અરસામાં બાકડા પર કોઈ બીમારીના કારણે મૃત હાલતમાં મળ્યા હતા. આ ઘટના અંગે કડોદરાના બાલાજી નગરમાં રહેતા ડ્રાઇવર યોગેશભાઈ ફુગારેએ કડોદરા G.I.D.C પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ અ.હે.કો. કલ્પેશભાઈ બહાદુરભાઈને સોંપી છે.

# પાણી ભરાવાથી રોગચાળાનો ભય

**30 વર્ષથી** પાલોદ, પીપોદરા, મોટી નરોલી, નવાપરા જીઆઈડીસી વિસ્તારમાં વરસાદી પાણી આફત બને છે



ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ, પીપોદરા, મોટી નરોલી, નવાપરા જીઆઈડીસી વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો રહેતાં રોગચાળાની દહેશત છે. આ સમસ્યાનો ઉકેલ લાવવામાં ન આવતાં હજારો કામદાર અને આમ જનતા ત્રાહિમામ પરેશાન થઈ ગઈ છે.

છેલ્લાં ૩૦ વર્ષથી સતત ધમધમતા પાલોદ, મોટી નરોલી, પીપોદરા અને નવાપરા ઔદ્યોગિક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલના અભાવે અત્યંત ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. તાજેતરમાં પડેલા મુશળધાર વરસાદ બાદ જીઆઈડીસી સહિતના સમગ્ર વિસ્તારમાં ગંદું પાણી ભરાઈ રહ્યું છે. જેના કારણે સ્થાનિક અઢી લાખ જેટલી જનતા, ૩૦,૦૦૦થી વધુ પરપ્રાંતિય શ્રમિકો અને વેપારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

છેલ્લા ત્રણ દાયકામાં અનેક સરપંચો બદલાયા અને કેટલીય સરકારો આવીને જતી રહી, પરંતુ આ જટિલ સમસ્યાનો આજદિન સુધી કોઈ કાયમી ઉકેલ આવી શક્યો નથી. વિસ્તારમાં આવેલી ફેક્ટરીઓના સંચાલકો સ્થાનિક પંચાયતોમાં દર વર્ષે લાખો રૂપિયાનો વેરો ચૂકવે છે, તેમ છતાં પ્રાથમિક સુવિધા સમાન ડ્રેનેજ કે પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. પરિણામે ઉદ્યોગપતિઓ, દુકાનદારો અને કામદારો ભારે મૂંઝવણમાં મુકાયા છે.

વરસાદી અને ગંદા પાણીના ભરાવાના કારણે સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધી ગયો છે. લોકો ભયાનક રોગચાળો ફાટી નીકળવાની દહેશત વચ્ચે જીવન જીવવા મજબૂર બન્યા છે. સ્થાનિક રહીશો અને ઔદ્યોગિક યુનિટ્સના સંચાલકોની એક જ ચોક્કસ માંગ છે કે કોઈ મોટો અને ગંભીર રોગચાળો ફેલાય એ પહેલાં સરકારી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને આ સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે.

પાલોદના સરપંચ દિનેશ કાંતિલાલ આહીરે જણાવ્યું હતું કે, છેલ્લાં ૩૦ વર્ષથી આ વિસ્તારમાં પાણીના નિકાલની સમસ્યા વણઉકેલાયેલી રહી છે. જો આ જ સ્થિતિ રહી તો માંદગીનું પ્રમાણ વધશે. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો જોઈએ. અમારી રજૂઆત તો કોઈ સાંભળતું જ નથી.

# એશિયાની સૌથી મોટી બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ગરમાવો

**બે પેનલો** વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે



બારડોલી: સહકારી ક્ષેત્રમાં એશિયાની સૌથી મોટી ગણાતી શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. બાબેન (બારડોલી સુગર ફેક્ટરી)ની આગામી પાંચ વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી જાહેર થતાં જ સહકારી રાજકારણ ગરમાયું છે. દર વખતની જેમ આ વખતે પણ ચૂંટણીમાં બે પેનલો સામસામે મેદાનમાં ઉતરી છે, જેના ઉમેદવારોએ આજે પોતાના ઉમેદવારીપત્રો નોંધાવ્યા છે.

આગામી ચૂંટણીમાં સહકાર પેનલ અને કિસાન પરિવર્તન પેનલ વચ્ચે સીધો અને રસાકસીભર્યો જંગ ખેલાશે. સહકાર પેનલનું નેતૃત્વ ભાવેશભાઈ નગીનભાઈ પટેલ કરી રહ્યા છે, જ્યારે કિસાન પરિવર્તન પેનલ મુકેશચંદ્ર નગીનભાઈ પટેલના વડપણ હેઠળ મેદાનમાં છે. કુલ 15 બેઠક માટે આજે બંને પેનલના મળીને 29 ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. ડમી ઉમેદવારો સહિત કુલ 56 જેટલા ઉમેદવારીપત્રો ભરાયા છે. ઉમેદવારી નોંધાવવાનો અંતિમ દિવસ આવતીકાલ એટલે કે શુક્રવાર રહેશે. ઉમેદવારીપત્રો ભરાવાની સાથે જ બંને પેનલો દ્વારા પુરજોશમાં પ્રચારકાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે.

#### બેઠકોની ફાળવણી અને બિનહરીફ ઉમેદવારની સંભાવના

કુલ 15 બેઠકો માટે આ ચૂંટણી યોજાઈ રહી છે. આ બેઠકોમાં 11 ઝોન, એક બિનઉત્પાદક સામાન્ય સહકારી મંડળીઓ, બે મહિલા અનામત અને એક અનુસૂચિત જાતિ/જનજાતિ અનામત બેઠકનો સમાવેશ થાય છે. આ પૈકી સહકારી મંડળીની બેઠક પર સહકાર પેનલ તરફથી અનિલભાઈ ઉર્ફે અરવિંદભાઈ પટેલ (કરચકા)નું માત્ર એક જ ઉમેદવારીપત્ર રજૂ થયું છે. ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેઓ આ બેઠક પરથી બિનહરીફ જાહેર થાય તેવી પ્રબળ સંભાવના સાથે સહકાર પેનલ વિજયનાં શ્રીગણેશ કરશે.

#### ચૂંટણી અને મતગણતરીનો કાર્યક્રમ

બારડોલી સુગર ફેક્ટરીની આ મહત્વપૂર્ણ ચૂંટણી આગામી 16મી ઓગસ્ટ 2026ના રોજ યોજાશે. મતદાન પ્રક્રિયા માટે કુલ 12 મતદાન કેન્દ્રો પર વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ત્યારબાદ 18મી ઓગસ્ટ 2026ના રોજ અસ્તાન કન્યા વિદ્યાલય ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે અને નવા હોદ્દેદારોના ભાવિનો ફેંસલો થશે.

### રાજપીપળામાં 30 ખાણીપીણીના સ્ટોલ-લારીઓની તપાસ

રાજપીપળા: હાલ ચાલી રહેલી વરસાદી ઋતુમાં દૂષિત અને અસ્વચ્છ ખોરાકના કારણે રોગચાળો ફેલાવાની સંભાવનાઓને ધ્યાનમાં રાખી મદદનીશ કમિશનરની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજપીપળા શહેરમાં સઘન ચકાસણી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત સિવિલ હોસ્પિટલની આસપાસ તેમજ ગાર્ડન વિસ્તાર ખાતે આવેલા ખાણીપીણીના સ્ટોલ અને લારીઓ સહિત કુલ 30 જેટલા એકમોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વેપારીઓને ખાદ્ય ચીજવસ્તુઓ હંમેશા ઢાંકીને રાખવા, સ્વચ્છ અને ક્લોરીનેટેડ પાણીનો જ ઉપયોગ કરવા તેમજ ખાદ્ય ચીજવસ્તુઓ તળવા માટે વપરાતા તેલને સમયાંતરે બદલવાની સૂચનાઓ આપવામાં આવી હતી. તપાસ દરમિયાન કેટલીક જગ્યાએ અનહાઈજીનિક અને માનવ આરોગ્ય માટે અયોગ્ય ખાદ્ય સામગ્રી જોવા મળતાં સ્થળ પર જ તેનો નાશ કરાવવામાં આવ્યો હતો. તેમાં 21 કિલોગ્રામ બટાકાનો માવો અને મન્ચુરિયન બોલ્સ, 6 કિલોગ્રામ મન્ચુરિયન બનાવવા માટેનો લોટ, આશરે 26 લિટર પાણીપૂરીનું પાણી તેમજ કૃત્રિમ રંગનાં 10 પેકેટનો સમાવેશ થાય છે.



ઈલ્યાસ શેખ

# બલેશ્વરમાં માર્જિનની તકરારમાં પાડોશીએ દીવાલ અને શેડ તોડી પાડ્યા

**અવધ** સંગ્રીલા સોસાયટીના પ્રમુખ સહિત ૪ સામે ફરિયાદ

પલસાણા: પલસાણાના બલેશ્વર ગામની 'અવધ સંગ્રીલા સોસાયટી'માં જગ્યા છોડવાની બાબતે થયેલી તકરારમાં રાતના સમયે જેસીબી (JCB) મશીન ફેરવી દેવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ અંગે પલસાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ કરણ ગામે રહેતા આકાશ અરુણકુમાર દુબે અને તેમનાં માતાના નામે અવધ સંગ્રીલા સોસાયટીમાં મકાન નંબર-૧૩૯ આવેલું છે. હાલમાં આ મકાનમાં રિનોવેશન ચાલી રહ્યું હોવાથી તે બંધ હતું. મકાન પાસે માર્જિન છોડવાના મુદ્દે પાડોશી સંજય યાદવ સાથે થોડા દિવસ પહેલાં જ વિવાદ થયો હતો.

૨૯ જુલાઈના રોજ રાત્રિના સાડા દસ વાગ્યાના સુમારે અજાણ્યા જેસીબી ચાલકે મકાનની પાર્કિંગની દીવાલ અને શેડ તોડી પાડી આશરે ૨ લાખનું નુકસાન પહોંચાડ્યું હતું. બીજા દિવસે કોન્ટ્રાક્ટર દ્વારા જાણ થતાં આકાશભાઈએ સીસીટીવી તપાસ્યા હતા, જેમાં રાત્રે જેસીબી પ્રવેશ્યા બાદ કેમેરા બંધ કરી દેવાયા હોવાનું સામે આવ્યું હતું.

આ મામલે આકાશ દુબેની ફરિયાદના આધારે પોલીસે પાડોશી સંજય યાદવ, તેના પુત્ર, સોસાયટીના પ્રમુખ જીતેન્દ્ર જયકિશન મિશ્રા (રહે.,મકાન નંબર-૨૯૨) અને અજાણ્યા જેસીબી ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વધુ તપાસ એ.એસ.આઈ. મિતાલીબેન હરીશકુમાર ચલાવી રહ્યાં છે.

# બિલોઠી તા.પં.ની પેટા ચૂંટણીમાં આપના ઉમેદવારની 806 મતથી જીત



**ભાજપ** અને કોંગ્રેસના ઉમેદવારનાં સૂપડાં સાફ

ભરૂચ, નેત્રંગ: ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકા પંચાયતની બિલોઠી બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ઐતિહાસિક જીત નોંધાવી છે. ત્રિપાંખીયા જંગમાં 80.40% રેકોર્ડ બ્રેક મતદાન વચ્ચે AAPના ઉમેદવાર પ્રવીણભાઈ તુલસીભાઈ વસાવાને 2,371 મત મળ્યા હતા. તેમણે ભાજપના કાંતિલાલ વસાવા (1,565 મત)ને 806 મતના જંગી માર્જિનથી હરાવ્યા છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર રણજીતભાઈ વસાવાને માત્ર 160 મત જ મળ્યા હતા.

ધારાસભ્ય ચૈતર વસાવા જેલમાં હોવા છતાં, તેમની પત્નીઓ વર્ષાબેન અને શંકુતલાબેને કરેલા ડોર-ટુ-ડોર પ્રચારે આદિવાસી મતદારોમાં સહાનુભૂતિનો માહોલ સર્જ્યો હતો. વિરોધી પક્ષોમાં સંગઠનાત્મક અભાવ સામે AAPના સ્થાનિક શિક્ષિત પદાધિકારીઓએ એકજૂટ થઈને કરેલો પ્રચાર વિજયનું મુખ્ય કારણ બન્યો. AAP આગેવાનોએ આ વિજયને સરકારી તંત્ર અને ભાજપના દબાણ સામે પ્રજામાનસનો આક્રોશ ગણાવ્યો હતો.

રાજ્ય, જિલ્લા અને તાલુકા પંચાયતમાં તળિયેથી નળિયે સુધી ભાજપનું શાસન હોવા છતાં આ શરમજનક હારે રાજકીય સમીકરણો બદલી નાંખ્યા છે. પરિણામના દિવસે નેત્રંગ આવવાના મેસેજ આપનાર ભાજપના મોભી નેતાઓએ હાર ભાળી જતાં નેત્રંગ જવાનું જ ટાળ્યું હતું.

# અંકલેશ્વરમાં જાહેર માર્ગ પર મેડિકલ વેસ્ટનો ઢગલો

અંકલેશ્વર: અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ નજીક આવેલા સિગ્નેચર ગેલેરિયા કોમ્પલેક્ષની બહાર પાર્કિંગ રોડ અને જાહેર માર્ગ પર જોખમી બાયો-મેડિકલ વેસ્ટ ખુલ્લેઆમ ફેંકાયેલો મળી આવતાં સ્થાનિકોમાં ભારે ચિંતા ફેલાઈ છે. જાહેર સ્થળે ચેપજન્ય કચરો જોવા મળતા રોગચાળો ફાટી નીકળવાની આશંકા વ્યક્ત કરાઈ છે. સ્થળ પરથી પ્લાસ્ટિકની થેલીઓમાં ભરેલો મેડિકલ કચરો, વપરાયેલી ઈન્જેક્શન સિરિન્જ, દવાની ખાલી તેમજ ભરેલી બોટલો સહિત અન્ય બાયો-મેડિકલ કચરો મળી આવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ નજીકના ત્રણથી વધુ હોસ્પિટલ અને એક પેથોલોજી લેબોરેટરી કાર્યરત છે. જોકે કઈ સંસ્થાનો છે એ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### દુષ્કર્મ કેસમાં મદ્રેસા સંચાલકનાં બે દિવસનાં રિમાન્ડ



ભરૂચ: ભરૂચની ૨૨ વર્ષીય યુવતીને ધાર્મિક અને કોલેજ શિક્ષણનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવાની લાલચ આપી મુંબઈ સ્થિત મદ્રેસાના ૫૫ વર્ષીય સંચાલક મુફ્તી અલાઉદ્દીન અન્સારીએ દુષ્કર્મ આચર્યાની ગંભીર ઘટના સામે આવી છે. આરોપીએ યુવતીની મરજી વિરુદ્ધ શારીરિક શોષણ કરી બે વાર ગર્ભપાત કરાવ્યો હતો. ભરૂચ પરત ફર્યા બાદ યુવતી પર દબાણ કરી નિકાહનામા, ફોટા વાયરલ કરવા અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. પીડિતાએ પરિવારને જાણ કરતાં ભરૂચ પોલીસે મુંબઈથી આરોપીની ધરપકડ કરી છે. કોર્ટે આરોપીનાં બે દિવસનાં પોલીસ રિમાન્ડ મંજૂર કર્યાં છે અને આગળની તપાસ ચાલુ છે.

### મોટા બોરસરામાં ગાંજા સાથે એક ઝડપાયો



હથોડા: પાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના મોટા બોરસરાના નવાપરા જીઆઈડીસી ખાતેથી સુરત જિલ્લા SOG પોલીસે બાતમીના આધારે દરોડો પાડી એક યુવકની ધરપકડ કરી છે. સુરત જિલ્લા પોલીસ કર્મચારી અમરતભાઈ અને પરશુરામભાઈને મળેલી બાતમી મુજબ ગેરકાયદે રીતે છૂટક ગાંજો વેચતા રાહુલ અર્જુન સાકેત (ઉં.વ.૨૫) (મૂળ-મધ્ય પ્રદેશ)ને ૩૮,૦૦૦ના ગાંજા સાથે ઝડપી લેવાયો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે, કાનપુર (ઉ.પ્ર.)નો મનીષ અર્જુનસિંહ કુશવાહા કીમ ચાર રસ્તા આવીને આ જથ્થો આપતો હતો. પોલીસે મનીષને વોન્ટેડ જાહેર કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં ટ્રાફિક ડ્રાઇવ સાથે દબાણો દૂર કરાયાં

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીમાં નોટિફાઇડ એરિયા ઓથોરિટી અને પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી હતી. આ દરમિયાન પોલીસે ટ્રાફિક ડ્રાઇવ હાથ ધરી હતી. પોલીસે ટ્રાફિક ડ્રાઇવ દરમિયાન વિવિધ વાહનોનું ચેકિંગ કર્યું હતું. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપરાંત નિયમોનો ભંગ કરતી કારોના કાચ પર લગાવવામાં આવેલી બ્લેક ફિલ્મ પણ ઉતારવામાં આવી હતી. આ સાથે, નોટિફાઇડ ઓથોરિટીએ પોલીસની હાજરીમાં મુખ્ય માર્ગ પરના ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી હાથ ધરી હતી. જોગર્સ પાર્કથી લઈને જલધારા ચોકડી સુધીના માર્ગ પરનાં દબાણો દૂર કરી રસ્તાને અવરોધમુક્ત બનાવવામાં આવ્યો હતો.

### ભરૂચમાં અતિભારે વરસાદની તૈયારીઓ પૂર્ણ, 26 બોટ અને 400 સ્વયંસેવક તૈનાત

ભરૂચ: હવામાન વિભાગ દ્વારા 31 જુલાઈ અને 1 ઓગસ્ટ દરમિયાન ભરૂચ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા વહીવટી તંત્રે સંપૂર્ણ પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તંત્ર કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ થઈ ગયું છે. બચાવ અને રાહત કામગીરી માટે NDRF અને SDRFની ટીમોને નર્મદા નદીના ઉત્તર અને દક્ષિણ વિસ્તારમાં વિકેન્દ્રીત ધોરણે તૈનાત કરવામાં આવી છે. જિલ્લામાં 20 ફાઇબર બોટ અને 6 રેસ્ક્યૂ બોટ સહિત કુલ ૨૬ બોટની વ્યવસ્થા કરવામાં આવી છે. રેસ્ક્યુ સાધનો, ચેઇન શો મશીન, ટૂલકીટ અને સ્ટ્રેચર સહિતની સામગ્રી પણ ઉપલબ્ધ રાખવામાં આવી છે. જનભાગીદારીની ભાવના સાથે 400થી વધુ સ્વયંસેવકો, વિવિધ NGO, ધાર્મિક સંસ્થાઓ અને જનપ્રતિનિધિઓ તંત્ર સાથે ખભેથી ખભા મિલાવીને રાહત કાર્યોમાં જોડાયાં છે.

### ઓલપાડમાં રાજસ્થાની શ્રમિક મહિલા ગુમ

સાયણ: મૂળ રાજસ્થાનનો શ્રમિક કાંતિ ખાતરીયા મહિડા હાલમાં ઓલપાડના માસમા ઓરમા રોડ ઉપર પેસેફિક કોર્નર સોસાયટીમાં રહી મજૂરીકામ કરે છે. તેની પત્ની લીલા ઉર્ફે અનિતા (ઉં.વ.૩૪) ગત તા.૨૨ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યા પછી પોતાના ઘરેથી કોઈને પણ કંઈ કહ્યા વિના અચાનક ક્યાંક ચાલી ગઈ હતી. જોકે, તેણીના પતિએ શોધખોળ કરવા છતાં ન મળતાં તેમણે ગત બુધવારે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# સુણેવ નજીક બે બાઈક અથડાતાં બે યુવકનાં મોત



**અકસ્માત** એટલો ભયંકર હતો કે એક બાઈક પણ સળગી ઊઠી

ભરૂચ: હાંસોટના સુણેવ ગામ નજીક બુધવારે બપોરે બે બાઈક વચ્ચે સામસામે થયેલી જોરદાર અથડામણમાં બે યુવકોએ ઘટના સ્થળે જ દમ તોડ્યો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે એક બાઈકમાં આગ લાગી જતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ હાંસોટના સુણેવ ગામ પાસે ઝડપી બે બાઈક વચ્ચે ટક્કર થતાં બંને સવાર યુવકો ગંભીર રીતે ઘવાયા હતા. ટક્કરની તીવ્રતા એટલી હતી કે, બંનેને સારવાર માટે લઈ જવાય તે પહેલાં જ તેમનાં મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે. અકસ્માત બાદ એક બાઈકમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી પોલીસને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં બાઈક સંપૂર્ણપણે સળગીને ખાખ થઈ ગઈ હતી.

પોલીસના પ્રાથમિક તપાસમાં મૃતકો હાંસોટના અલવા અને માટીએડ ગામના વતની હોવાનું સામે આવ્યું છે. મૃતકોના પરિવારજનોને ઘટનાની જાણ કરવામાં આવી છે. પોલીસે બંને શબને પીએમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યા છે અને અકસ્માતનાં કારણોની વધુ તપાસ હાથ ધરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati
02:00pm, 06:00pm
Maaran-Gujarati - 05:00pm
Bhai Tera Star Hai - 03:30pm
Dhamaal 4 - 11:00am, 09:00pm
Jan Neta - 12:00pm, 09:30pm,
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333